# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પંચમહાલ :૨૦૨૨/૨૩

## અર્થગ્રહણ કૌશલ્ય માટે ઉપયોગી બુકલેટ

---





ઇસ્ત્યાક.જી.મલેક

ન.વ.ગુસર પ્રા.શાળા

પ્રેરક

દિપકસિંહ જે.ગોહિલ

અસારડી પ્રા.શાળા

સંકલન , લેખન

માર્ગદર્શક



શ્રી બી.એમ.સોલંકી,સિનિયર લેકચરર,ડાયટ પંચમહાલ.

Table of Conten

## અનુક્રમાણીકા



| ક્રમ | વિગત |
| --- | --- |
| ૧ | પ્રસ્તાવના |
| ૨ | અર્થગ્રહણ સંધ્યાની પળોમાં |
| ૩ | અધ્યયન નિષ્પતિઓ |
| ૪ | નાની લેખિકા |
| ૫ | મહેનતુ છોકરો |
| ૬ | આશ્રમ |
| ૭ | કેશ મેમો |
| ૮ | બા બેઠી તી ....કાવ્ય |
| ૯ | સુંદર વન |
| ૧૦ | પાટીમાં |
| ૧૧ | ગોકુળ |
| ૧૨ | રેતાબા |
| ૧૩ | રાણીબા |
| ૧૪ | બાળ સર્જક સ્પર્ધા |
| ૧૫ | મેળો |
| ૧૬ | ભિખારી ૧ |
| ૧૭ | જાહેરાત |
| ૧૮ | પહોંચ |





દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

| | |
|---|---|
| ૧૯ | સમયપત્રક |
| ૨૦ | કેળવણી |
| ૨૧ | ભિખારી- ૨ |
| ૨૨ | સ્ત્રી |
| ૨૩ | શિવાજી |
| ૨૪ | રાજા રૂપસિંહ |
| ૨૫ | કોષ્ટક |
| ૨૬ | કૃષ્ણકુમારસિંહજી |
| ૨૭ | ચિત્ર |
| ૨૮ | કીતુર |
| ૨૯ | ટિકિટ |
| ૩૦ | નાની માં |
| ૩૧ | ફકીર બાબા |
| ૩૨ | સંવાદ |
| ૩૩ | બસ – સમયપત્રક |
| ૩૪ | હાથી |

## આભાર દર્શન

આ નવતર પ્રયોગ માટે  પ્રેરણા ,માર્ગદર્શન અને સહયોગ આપનાર પંચમહાલ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સીનીયર લેકચરર  બી .એમ .સોલંકી સાહેબનો હૃદયથી આભાર માનું છું .

મારા પરમ મિત્ર અને  શિક્ષક ઇસ્તીયાક મલેક    , નવા ગુસર પ્રા.શાળાનો આભાર માનું એટલો ઓછો પડે કે જેમના સહયોગથી આ ઇનોવેશન શક્ય બન્યું છે .તેમજ મારી શાળાના આચાર્યશ્રી , શિક્ષક મિત્રો અને શાળાના બાળકો કે જેઓ આ નવતર પ્રયોગમાં સહભાગી બન્યા અને ઉત્સાહથી તેમાં ભાગ લીધો . અસારડી શાળા પરિવાર તરફથી સૌનો ખુબ ખુબ આભાર ...



દિપકસિંહ જે.ગોહિલ    (9099809740)    dipakgohil1986@gamail.com

## પ્રસ્તાવના :

શિક્ષણ એ અવિરત ચાલતી પ્રક્રિયા છે અને શિક્ષક તેનો સૂત્રધાર છે. શિક્ષકે શાળામાં ફક્ત વિદ્યાર્થીઓને ભણાવવાનું જ નથી પણ    સમયાંતરે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કર  વુ પણ જરૂરી  છે. મૂલ્યાંકનનો આધાર વિદ્યાર્થી શું શીખ્યો છે  ? શું સમજ્યો છે ? એટલે કે તેને  શું ગ્રહણ કર્યું છે તેના પર રહેલો છે. તેથી શિક્ષકે વિદ્યાર્થીનું અર્થગ્રહણ કૌશલ્ય વિકશે તેની વિશેષ કાળજી લેવી જોઈએ.

અર્થગ્રહણ કૌશલ્ય વિકસાવવા માટે ઘણી બધી પ્રવૃત્તિઓ કરી શકાય છે, જેવી કે વાર્તા,નાટક,સંવાદ, જાહેરાત, સમયપત્રક બિલ,રેપર, લોકગીત,વગેરેનો અભ્યાસ કરાવવો જરૂરી છે. આ બધી બાબતોને વિદ્યાર્થીઓને લખાવીને વિસ્તારથી સમજાવવી જોઈએ. આ   બધી  વસ્તુઓ વિદ્યાર્થીઓ માટે તદ્દન નવી હોય છે જેથી તે સમજી શકતા નથી. શિક્ષક તરીકે આપણે તેમણે આ બાબતોથી વાકેફકરાવવા જોઈએ. સત્રાંત પરીક્ષા  ,વાર્ષિક પરીક્ષા અને એકમ કસોટીમાં આવા પ્રશ્નો પૂછાતા વિદ્યાર્થીઓ મૂંઝવણ અનુભવે છે.

તેથી અર્થગ્રહણ કૌશલ્યના વિકાસ માટે આ બુકલેટ વિદ્યાર્થીઓ ,શિક્ષકો અને વાલીઓ માટે ઘણી જ ઉપયોગી સાબિત થશે. આ બુક લેટમાં  આપેલા સંવાદો,કવિતાઓ,વાર્તા,સમયપત્રક વગેરેનો સતત મહાવરો કરાવવાથી  વિદ્યાર્થીઓમાં અર્થગ્રહણ કૌશલ્યનો ચોક્કસથી વિકાસ  થશે એવી એક શિક્ષક તરીકે પુરી ખાતરી છે.

આભાર સહ,

- દિપકસિંહ જયેન્દ્રસિંહ ગોહિલ

અસારડી પ્રાથમિક શાળા, તા :ગોધરા, જિ :પંચમહાલ

નવતર પ્રયોગનું નામ : અર્થગ્રહણ સંધ્યાની પળોમાં

❖ હેતુઓ :

- વિદ્યાર્થી આપેલ સંવાદ સમજે.
- વિદ્યાર્થી આપેલ વાર્તા સમજે.
- આપેલ ગીત કાવ્ય કે લોકગીત સમજે.
- આપેલ ટિકિટ, બીલ, રીસીપ્ટ વગેરે સમજે
- આપેલ રેપર રિપોર્ટ અને જાહેરાત વગેરેમાં આપેલી માહિતીનું વિશ્લેષણ કરે.
- સાંભળેલી કે વાંચેલી અનુભવ જન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી શકે.
- વિદ્યાર્થી આપેલ ચિત્રનું વર્ણન કરી શકે.
- આપેલ વર્ણન,નાટક,ચર્ચા કે કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે.

❖ ઉપયોગીતા :

- આપેલ સંવાદ,વાર્તા સમજે અને પ્રશ્નોના જવાબ આપે.
- ગીત,કાવ્યપંક્તિ કે લોકગીત સમજીને પ્રશ્નોના જવાબ આપે.
- બિલ, રીસીપ્ટ નો અભ્યાસ કરી તેનો ઉપયોગ કરે.
- રેપર,રિપોર્ટ,ચાર્ટ અને જાહેરાત વગેરેમાં આપેલ માહિતીનો ઉપયોગ કરે.
- ચિત્રનું વર્ણન કરી પ્રશ્નોત્તરી કરી શકે.
- વર્ણન,નાટક, ચર્ચા કે સંવાદને સમજીને પ્રશ્નોના જવાબ લખી શકે.

❖ અમલીકરણ :

- અર્થગ્રહણ માટે વિદ્યાર્થીઓને સતત મહાવરો કરાવવો જરૂરી છે. તેના માટે વિદ્યાર્થીઓને જરૂરી તકો પૂરી પાડવી જોઈએ.
- અર્થગ્રહણ માટે વિદ્યાર્થીઓને નિયમિત કાવ્ય, કાવ્ય,વાર્તા,વર્ણન જાહેરાત,લોકગીત,સંવાદ વગેરે લખાવવા. ત્યારબાદ સમજાવવા.
- સમજાવ્યા પછી માહિતીને આધારે ત્રણ કે ચાર પ્રશ્નો લખાવા.
- પ્રશ્નો ખૂબ કઠિન ના લખાવા કે ખુબ સરળ પણ ન લખાવા.
- પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીની વૈચારિક અને તર્ક શક્તિ વિકસે તેવા પ્રશ્નો હોવા જોઈએ.

- શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ નવતર પ્રયોગ માટે વિદ્યાર્થીઓને વ્યક્તિગત કે સમૂહમાં બેસાડીને લખાવી શકાય.



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

- નિયમિત આ પ્રયોગ કરવાથી તેમની નિર્ણય શક્તિ અને મૌલિકતાનો વિકાસ થાય છે.

❖ મૂલ્યાંકન :

- વિદ્યાર્થી વધુ વાંચન કરતો થાય છે.
- વિદ્યાર્થીની વૈચારિક શક્તિ ખીલે છે.
- વિદ્યાર્થીની તર્કશક્તિ ખીલે છે.
- વિદ્યાર્થી સ્વતંત્ર લેખન કરતો થાય છે.
- વિદ્યાર્થી પોતાના વિચારો રજૂ કરવાની આવડત મેળવે છે.
- વિદ્યાર્થીની લેખન કળા સુધરે છે.

❖ વર્તમાન સ્થિતિ :

- વર્તમાન સ્થિતિમાં શાળામાં હાલ આ પ્રયોગ સરસ રીતે ચાલી રહ્યો છે.
- તેના સરસ પરિણામ મળી રહ્યા છે.
- વિદ્યાર્થીઓ ખૂબ જ આનંદથી આ પ્રયોગમાં જોડાય છે.
- વિદ્યાર્થીઓની દરેક પ્રવૃતિમાં ભાગીદારી વધે છે .



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

# :  અધ્યયન નિષ્પતિઓ :

આ બુકલેટ ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડશે .

આ બુકલેટના અભ્યાસથી નીચે આપેલ અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ  કરી શકાય  છે .

- [ G 501] - વાર્તા ,ગીતો ,કાવ્યો, વર્ણનો ,વાતચીત ,નાટકો  વાંચી અને સમજી શકે છે .
- [ G506 ] - સમય પત્રક ,નકશા ,પ્રતીકો અને લખાયેલી સામગ્રીમાંથી વાંચી સાંભળી શકે છેઅને વિગતો તારવી શકે છે .
- [ G617 ] - બીલ ,રીસીપ્ટ ,રેપર ,રીપોર્ટ ,જાહેરાત,વગેરેમાં આપેલી માહિતી સમજે છે અને ઉપયોગ કરેછે .



દિપકસિંહ જે.ગોહિલ     (9099809740)          dipakgohil1986@gamail.com

સાત વર્ષની ઉંમરે પુસ્તક લખનાર સૌથી નાની લેખિકા છે અભિજીતા ગુપ્તા. તેનો પુસ્તક "હેપ્પીનેસ ઓલ અરાઉન્ડ "ખૂબ પ્રખ્યાત થયું છે. આ પુસ્તકમાં ચાર વાર્તા, 10 કવિતા અને કેટલાક ચિત્રો છે. અભિજિતાની પહેલી વાર્તા હતી 'હાથીની સલાહ ' અને પહેલી કવિતા હતી 'ખુશહાલ દિવસ'. પ્રસિદ્ધ લેખક સ્વ મૈથીલીશરણ ગુપ્ત તેમના દાદા હતા. તેના કારણે અભિજીતાને વારસામાં સાહિત્યમાં રસરૂચી અને આવડત મળ્યા હતા. અભીજીતાને વાંચનનો ઘણો શોખ છે. કોરોનાના સમયમાં તેને ખૂબ પુસ્તકો વાંચ્યા. તેના પ્રિય લેખકો છે: રસ્કીન બોન્ડ અને સુધા મૂર્તિ. બાળકો પણ સાહિત્યસર્જન કરી શકે, અભિજીતા તેનું ઉત્તમ ઉદાહરણ છે.

1) અભિજીતાની પહેલી વાર્તા અને કવિતાના નામ લખો.

---------------------------------------------------------------------------------------------------

2) અભિજીતા કોની પૌત્રી છે ?

---------------------------------------------------------------------------------------------------

3) અભિજીતા કેટલા વર્ષની ઉંમરે વાંચતા શીખી હશે ?

---------------------------------------------------------------------------------------------------

4) આ ફકરામાંથી કોઈપણ ત્રણ લેખકના નામ લખો.

---------------------------------------------------------------------------------------------------

5) અભિજીતાનું પહેલું પુસ્તક છપાયું ત્યારે તે કયા ધોરણમાં ભરતી હશે?

---------------------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

## મહેનતુ છોકરો

છોકરાને થતું વાદળ સાથે રમનારા, તારાઓ સાથે ઠઠ્ઠો કરનારા, ચંદ્ર સાથે મિજબાની કરનારા, દૂરના એ પર્વત ઉપર રહેનારા કેવા હશે! એક દિવસ છોકરાને ઘરેથી ભાગી પર્વત પર જવાનું મન થયું. અને થયું, પર્વત પર જવાથી એને અંબર નું સઘળું રહસ્ય સમજાઈ જશે. છોકરાને થયું , ઘરની બારીમાંથી બધું દેખાતું નથી. એટલે છોકરો પથારીમાંથી બેઠો થઈને ઘરની બહાર નીકળી દૂરના પર્વત તરફ ચાલવા લાગ્યો.

બારીમાંથી પર્વત બહુ દૂર નહોતો લાગતો પણ છોકરો જેમ જેમ એની તરફ જતો ગયો તેમ તેમ એ જાણે દૂર ને દૂર ખસતો ગયો. છોકરો ઉત્સાહથી જવા લાગ્યો. પર્વત ઉપર ચડીને એને બધું જોવું હતું. ઉત્સાહમાં આવી છોકરો દોડવા લાગ્યો. એના પગ દુખવા માંડ્યા પણ એ હસતા હસતા દોડતો રહ્યો.

1) છોકરો ઘરેથી કેમ ભાગ્યો હતો?

----------------------------------------------------------------------------------------------------

2) છોકરાને શું જોવું હતું ?

----------------------------------------------------------------------------------------------------

3) અંબર એટલે શું?

----------------------------------------------------------------------------------------------------

4) વાદળ, તારા,ચંદ્ર અને સૂર્ય ક્યાં રહેતા હશે?

----------------------------------------------------------------------------------------------------

5) બારીમાંથી પર્વત નજીક કેમ લાગતો હતો?

----------------------------------------------------------------------------------------------------

6) ફકરામાં આપેલા છોકરાની વિશેષતા શું છે?

----------------------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

# આશ્રમ

**(3)** હજારો વર્ષ પહેલાંની આ વાત છે એ સમયે બાળકો આશ્રમમાં ભણવા જતાં આશ્રમ ઘરની પાસે ન હોય. બાળક સાતેક વર્ષનો થાય એટલે એને ઉપનયન સંસ્કાર કરાવવામાં આવતા પછી એ બટુક કહેવાતો. એ દૂર આશ્રમમાં ભણવા જતો. આશ્રમમાં બારેક વર્ષ સુધી ભણવાનું રહેતું ભણતર પૂરું થયા પછી જ ઘેર પાછા આવવાનું. દિવાળી કે ઉનાળાની રજાઓ ન હતી.

1. હજારો વર્ષ પહેલાંની એટલે...
   1) હજાર વર્ષની    2) હજાર વર્ષથી વધારે    3) આશરે હજાર વર્ષ
2. બાળક બટુક ક્યારે કહેવાતો?
3. બાળકનો ક્યારે ઉપનયન સંસ્કાર કરવામાં આવતો?
   1) સાતમા વર્ષે    2) સાતથી વધારે    3) સાતથી ઓછા
4. બટુક આશ્રમમાંથી ભણીને પાછો ફરે ત્યારે તેની ઉંમર આશરે કેટલી થઇ હોવી જોઇએ?
5. આશ્રમ: ગુરુકુલ :: રજાઓ: __________

જવાબ :

૧ ------------------------------------------------------------------------------------

૨------------------------------------------------------------------------------------

3------------------------------------------------------------------------------------

૪------------------------------------------------------------------------------------

૫ ------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

કેશ મેમો
કુદરત પ્રોવિઝન સ્ટોર્સ
પરા બજાર, શોપ નં. 256,
રાજકોટ

રજિસ્ટર નંબર N/45154

તારીખ : 09/07/2019

શ્રી/શ્રીમતી : ધનજીભાઈ કુબેરભાઈ ઝાટકિયા

| ક્રમ | વિગત | જથ્થો | રકમ રૂપિયા | |
|---|---|---|---|---|
| 1 | બિસ્કિટ (100 ગ્રામ) | 3 પેકેટ | 30 | 00 |
| 2 | વૉશિંગ પાવડર | 1 કિલોગ્રામ | 45 | 00 |
| 3 | બાજરીનો લોટ | 2 કિલોગ્રામ | 40 | 00 |
| 4 | ચાંદની સાબુ (125 ગ્રામ) | 4 નંગ | 60 | 00 |
| 5 | બાસમતી ચોખા | 1 કિલોગ્રામ | 65 | 00 |
| 6 | દૂધ (500 ગ્રામ) | 3 થેલી | 90 | 00 |
| | કુલ ત્રણસો ત્રીસ પૂરા | | 330 | 00 |

પ્રશ્નો :

1. આ બિલ કઈ દુકાન/ફર્મ/એજન્સીનું છે?
2. ખરીદી કરનાર કોણ છે?
3. ખરીદી કઈ તારીખે કરવામાં આવી છે?
4. આ દુકાનમાં શાનું વેચાણ થાય છે?

જવાબ

૧-------------------------------------------------------------------------------

૨ ---------------------------------------------------------------------------------

3---------------------------------------------------------------------------------

૪-------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

## બા બેઠી તી

બા બેઠી તી રસોઇ કરવા
લઈ એ પડનો લાહવો
જટા બનાવી ભભૂત લગાવી
બચુ બન્યો ત્યાં બાવો.....
બમ બમ ભોલા અલખ નિરંજન
હું છું ખાખી બાવો!
ભિક્ષા માટે આવ્યો મૈયા!
ચપટી આટો લાવો
રસોઈ એવી કશી ખપે ના,
નહિ મીઠાઈ- માવો,
વૈરાગી ને ભોજન સાધુ...
ખીચડી આટો ખાવો....
પૈસા, કપડા કઈ ના જોઈએ

1) બા શું કરવા બેઠી હતી?

-------------------------------------------------------------------

2) જટા એટલે શું ?

-----------------------------------------------------------------------

3) બાળક શું બન્યો હતો?

-------------------------------------------------------------------------

4) ખાખી બાવો શા માટે આવ્યો હતો?

------------------------------------------------------------------------

5) આટો એટલે શું?

------------------------------------------------------------------------

6) ખાખી બાવાને શું નથી જોઈતું?

----------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

# સુંદર વનમાં

સુંદર વનમાં વસતા હરણાં ,
ઝરણાના જલ પીતા હરણાં ,
લીલા તરણા ચરતા હરણાં ,

અદભુત રમણા કરતા હરણાં!
હેત ભર્યા શા  હીંચે હરણાં!
રંગ ભર્યા સા નાચે હરણાં !
દર્શનથી દિલ ખેંચે  હરણાં

--- અમૃતલાલ પારેખ---

પ્રશ્નો :

1)  હરણાં ક્યાં રહેતા હતા?

-----------------------------------------------------

2) હરણાં શું પીતા હતા?

-----------------------------------------------------

3) હરણાં  શું ચરતા હતા ?

-------------------------------------------------------

4) જલ શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

----------------------------------------------------------

5) કવિતામાં કયો શબ્દ સૌથી વધારે વખત આવે છે?

----------------------------------------------------------

6] વનમાં બીજા કયા કયા પ્રાણીઓ હોય છે .

----------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ      (9099809740)          dipakgohil1986@gamail.com

# પાટીમાં મેં

પાટીમાં મેં દરિયો દોર્યો,
દરિયા વચ્ચે ટાપુ દોર્યો,
ટાપુ ઉપર ઝાડ ઊભું છે,
ઝાડની ઉપર બંદર દોર્યો.
બંદર ડાળી ઉપર કુદે,
ડાળીનો મેં ઝૂલો દોર્યો,
ડાળી ઝાલી પાંદડા તોડે,
એ બંદરનો છાયો દોર્યો.

----- ભગીરથ બ્રહ્મભટ્ટ -------

1) પાટી  એટલે શું?

----------------------------------------------

2) બાળકે ટાપુ ક્યાં દોર્યો ?

--------------------------------------------------

3) ઝાડ ક્યાં ઊભું છે ?

-----------------------------------------------------

4) બંદર શું કરે છે ?

------------------------------------------------------

5) ઝૂલો એટલે શું?

------------------------------------------------------

6) પાંદડા કોણ તોડે છે ?

-----------------------------------------------------------

7) તમે પાટીમાં શું શું દોરો છો ?

-------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ      (9099809740)         dipakgohil1986@gamail.com

# ગોકુળ

ગોકુળ એક સરસ મજાનું ગામ હતું. એ ગામના લોકો નો મુખ્ય વ્યવસાય પશુપાલન અને દૂધ ઉત્પાદન. લોકો ગાયો રાખે.ગાયના દૂધમાંથી દહીં , માખણ  ઘી વગેરે બનાવે પછી મથુરામાં વેચે. ગામના છોકરાઓ દરરોજ સવારથી સાંજ સુધી ગાયો ચરાવવા જંગલમાં જાય. ગાયો ચ રતી હોય એ સમયે છોકરોઓ ભેગા બેસીને જાત જાતની વાતો કરે,ઘરેથી  લાવેલું ભાથું વેહેચીને ખાય અને મજા કરે.

ક્યારેક યમુના ને કાંઠે જુદી જુદી રમતો પણ રમે. યમુના બહુ જ ઊંડી અને તોફાની નદી. આટલું ઓછું હોય એમાં એમાં એક કાલીય નાગ રહે ,નાગ બહુ જ ઝેરી.નાગના ઝેરના લીધે એટલા  ભાગનું પાણી પણ ઝેરી થઈ ગયેલું. ગોવાળો રમતી વખતે કાલિય નાગ જ્યા રહે છે એ ધરાથી દુર જ રહે.

1)ગોકુળ કેવું ગામ હતું?..........................................................................................

2) ગોકુળના  લોકોનો મુખ્ય વ્યવસાય શું હતો?  ......................................................................

3) ગાયના દૂધમાંથી શું બને છે ?.......................................................................................

4) ગામના છોકરાઓ શું કામ કરતા ?...................................................................................

5) ગાયો ચરતી હોય એ સમયે છોકરાઓ શું કરતા હતા?............................................................

6) યમુના નદી કેવી હતી ?.........................................................................................

7) યમુના  નદીમાં શું રહેતું હતું ?...........................................................................



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

# રેતાબા

દુનિયામાં એવા ઘણા અજાયબ સ્થળો છે જેના વિશે સાંભળતા વિશ્વાસ ન બેસે. અમેરિકાના સેનેગલમાં આવું જ એક અદભુત તળાવ છે,જેનું નામ ' રેતબા''છે. ખૂબ જ સુંદર દેખાતું આ તળાવ પાણીના રંગને કારણે પ્રસિદ્ધ છે. તેના પાણીમાં 40% મીઠું રહેલું છે. મીઠું પકવવું તે તેના રહેવાસી માટે કમાણીનો મુખ્ય સાધન છે. રેતબા તળાવના પાણીનો રંગ એકદમ ગુલાબી છે. આ રંગ સૂર્યના પ્રકાશ સાથે ઘાટો અને આછો એમ આ રંગ સૂર્ય ના પ્રકાશ સાથે ઘાટો અને આછો એમ બદલાતો રહે છે આ રંગ સૂર્યના પ્રકાશ સાથે ઘાટ્ટો અને આછો એમ બદલાતો રહે છે. આ ગુલાબી તળાવના રમણીય દ્રશ્યને માણવા દૂર દૂરથી પ્રવાસીઓ આવે છે. આ તળાવના પાણીનો રંગ ગુલાબી કેમ છે એ વિચાર્યું તમે? ચોક્કસ પ્રકારની શેવાળને કારણે. ઓસ્ટ્રેલિયામાં પણ 'હીલિયર' નામનું આ જ પ્રકારનું ગુલાબી તળાવ આવેલું છે.

પ્રશ્નો

1) રેતબા તળાવ વિશે નવાઈ લાગે તેવું શું છે?----------------------------------------------
2) રેતબા તળાવનું પાણી પી શકાય? કેમ?---------------------------------------------------
3) સેનેગલના લોકો મીઠું પકાવવાનો ધંધો શા માટે કરતા હશે?------------------------------
4) દુનિયામાં ગુલાબી પાણીવાળા તળાવ ક્યાં ક્યાં આવેલા છે?------------------------------
5) શું થાય તો આ તળાવનો ગુલાબી રંગ બદલાઈ જાય?------------------------------------
6) તમારી આસપાસના તળાવમાં કઈ કઈ વનસ્પતિ થાય છે?-------------------------------
7) આ ફકરામાંથી સરખા અર્થવાળા શબ્દોની જોડ શોધીને લખો.

-----------------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

## રાણીબા

વર્ષાઋતુ એટલે ઋતુઓની રાણી. રાણીબા પધારવાના હોય ત્યારે બધા ઝાડવા અદબ લગાવીને ઉભા રહી જાય, વાદળો ઢોલ નગારા વગાડે. કોઈક વાર ઇન્દ્ર ધનુષ્ય કમાન થઈને ઊભું રહે અને સુરજ પોતે વાદળાની પાછળ જતો રહે. આકાશ પણ તેમની સાથે સેલ્ફી લે, જેનો ફ્લેશ આપણને છેક નીચે દેખાય.

ધરતી તો આ જુની બહેનપણીને આવતા જ ખુશ ખુશાલ થઈ જાય અને સુગંધ પરફ્યુમ લગાવી તૈયાર થઈ જાય. તે છેક નવરાત્રી સુધી બેઉ બહેનપણીઓ તોફાન મસ્તી કરતી રહે. ધરતીના તળાવ,કુવા,નદી નાળા પણ છલકાઈ ઉઠે.

મનેય વર્ષારાણી ગમે છે. વરસાદ પડે એટલે ખાળા ખાવો છે અને તળાવ ભરાઈ જાય છે. વીજળીના કડાકા થાય છે. દેડકા અને બીજા વરસાદી જીવડા જોવા મળે છે. કપડા જલ્દી સુકાતા નથી. ઘરની બહાર જવું હોય તો છત્રી કે રેનકોટ સાથે રાખવો પડે છે.

મને વરસાદમાં નહાવું ગમે છે. વર્ષાઋતુ મારી પ્રિય ઋતુ છે.

પ્રશ્નો

1. રાણીબા પધારવાના હોય ત્યારે બધા વૃક્ષો શું કરે છે?
2. રાણીબા એટલે કોણ ?
3. સેલ્ફી શેનાથી લેવાય ? તમે લીધી છે ?
4. વરસાદ પડવાથી આજુબાજુ શું ફેરફાર જોવા મળે છે?
5. આપણા દેશમાં  મુખ્ય કેટલી ઋતુઓ છે ?
6. વરસાદમાં કપડાં જલ્દી કેમ સુકાતા નથી?



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

આપેલ પહોંચનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

કેકારવ ફાઉંડેશન આયોજીત બાળસર્જક સ્પર્ધા

કૃતિ મોકલવાની અંતિમ તારીખ : 31/07/2022

સ્થળ : તુલસી આંગન એપાર્ટમેન્ટ, 10-કેકારવ, સુરત

| | | | |
|---|---|---|---|
| વિભાગ - 1 | 4 થી 7 વર્ષ | બાળવાર્તા | પોતાની પસંદગી મુજબ |
| વિભાગ - ૨ | 8 થી 10 વર્ષ | બાળવાર્તા, બાળગીત | બાળસાહસ, પ્રાણીસૃષ્ટિ |
| વિભાગ - 3 | 10 થી 15 વર્ષ | નિબંધ, ટુચકો | પ્રવર્તમાન સમસ્યા |

સમયમર્યાદામાં સંપૂર્ણ નામ-સરનામા સાથે ઈ-મેઈલ મારફત મોકલી આપેલ કૃતિ જ સ્પર્ધામા સામેલ ગણાશે

ઈ-મેઈલ એડ્રેસ : KairavBRK14@gmail. com

(1) સ્પર્ધા માટે કઈ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે ?

A. કોઈપણ વિભાગમાં ભાગ લઈ શકાશે

B. ટપાલ નહિ પણ ઈમેલ કરવો

C. સંપૂર્ણ નામ-સરનામા સાથે ઈમેલથી જ કૃતિ મોકલવી

D બધા જ ભાગ લઈ શકે

(2) 12 વર્ષની કિશાએ કયા વિષય પર નિબંધ લખવો જોઈશે ?

A. બાળસાહસ B. પ્રવર્તમાન સમસ્યા

C. રહસ્ય કથા D. વિજ્ઞાનકથા

(3) આ જાહેરાત સાથે કઈ બાબત સુસંગત નથી?

A. કેકારવ ફાઉન્ડેશન B. આબાલવૃદ્ધ સૌ માટે સ્પર્ધા

C. ઈમેલ પર કૃતિ મોકલવાનો આગ્રહ D. તુલસી આંગન એપાર્ટમેન્ટ

(4) સ્પર્ધક કૃતિ કેવી રીતે મોકલી શકે છે?

(5) કયા વિભાગમાં એક કરતાં વધારે વિષય પર લખાણ મળશે? શા માટે ?

જવાબ્ ૧ ---------------------------------------------------------------------------------

૨---------------------------------------------------------------------------------

3 ---------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

(5) મારો એક મિત્ર તેના બે બાળકોને મેળામાં ફરવા માટે લઈ ગયો. મેળામાં પ્રવેશ માટે ટિકિટ હતી. ટિકિટબારીએ પહોંચી તેણે પૂછ્યું , "પ્રવેશ માટે ટિકિટ કેટલા રૂપિયાની છે?" ટિકિટબારી પરથી જવાબ મળ્યો, "તમારી દસ રૂપિયા, છ વર્ષથી મોટી વયનાં બાળકો માટે દસ રૂપિયા અને છ વર્ષથી નાનાં બાળકો માટે નિ:શુલ્ક છે. આપના બાળકોની ઉંમર કેટલી છે?" મિત્રએ જવાબ આપ્યો, "એક ચાર વર્ષ અને બીજો સાત વર્ષનો છે એટલે મને બે ટિકિટ જોઈએ. આ લો વીસ રૂપિયા." ટિકિટબારીના ભાઈએ જવાબ આપ્યો, " તમારી પાસે ઘણા રૂપિયા છે ! તમારો બીજો દીકરો છ વર્ષનો છે તેમ કહ્યું હોત તો પણ ચાલી જાત. મને થોડી ખબર પડવાની હતી ! ને તમારા દસ રૂપિયા બચી જાત." મારા મિત્રએ જવાબ આપ્યો, "તમને જરૂર ખબર ના પડત પણ મારા બાળકોને તો ખબર પડત ને ! વળી ઈશ્વરને હું શું મોં બતાવત ?"

(1) લેખકના મિત્રની બે વિશેષતાઓ લખો.

(2) લેખકની મિત્રતા યોગ્ય વ્યક્તિ સાથે છે ? શા માટે ?

(3) જાહેર કે ખાનગી સ્થળે ટિકિટ લેવી કેમ જરૂરી છે?

(4) જો મિત્રનો બીજો દીકરો છ વર્ષથી નાનો હોત તો કેટલી ટિકિટ લેવી પડત?

(5) કાઉન્ટર પરનો માણસ પરોક્ષ રીતે શું શીખવાડી રહ્યો હતો ?

A. દરેકે ફરજિયાત ટિકિટ લઈ લેવી.

B. પ્રમાણિકતાથી ટિકિટ ખરીદવી.

C. ખોટું બોલીને પૈસાની બચત કરવી.

D ઉંમર સાચી બતાવી ટિકિટ લઈ જ લેવી.

જવાબ :

૧---------------------------------------------------------------------------

૨ ----------------------------------------------------------------------------

3 ---------------------------------------------------------------------------------

૪---------------------------------------------------------------------------------

૫----------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

(3) એક ભિખારી રોજ ભિક્ષા માગવા માટે બજારમાં જતો. એક દિવસ એક માણસે તેની સામે બે સિક્કા મૂક્યા અને તેમાંથી એક સિક્કો પસંદ કરવા જણાવ્યું. ભિખારીએ એક સિક્કો પસંદ કરી લીધો. તેની પસંદગી જોઈ સૌ ખૂબ હસવા લાગ્યા. આખા પ્રદેશમા આ વાત ફેલાઈ ગઈ. હવે બધા જ તેની આગળ પસંદગી માટે બે સિક્કા મૂકતા અને તેને મૂર્ખમાં ખપાવવા લાગ્યા. દર વખતે તે ઓછી કિંમતનો જ સિક્કો પસંદ કરતો. આમ તેની આગળ સિક્કો મૂકનારની સંખ્યા દિન-પ્રતિદિન વધવા લાગી પણ ભિખારીની પસંદગી બદલાઈ નહિ. એક દિવસ એક ઉદાર વૃદ્ધે તેને કહ્યું, " તમારે મોટો સિક્કો પસંદ કરવો જોઈએ. તેની કિમંત નાના સિક્કા કરતાં દસ ગણી છે. લોકો તમને મૂર્ખ માની તમારી મજાક પણ ઊડાવશે નહિ". ભિખારીએ જવાબ આપ્યો, " તમારી સલાહ સારી લાગે છે, પણ જો હું મોટો સિક્કો પસંદ કરીશ તો લોકો મને ધન આપવાનું બંધ કરી દેશે. આ રીતે હું કેટલું ધન કમાયો છું તેનો તમને અંદાજ પણ નહીં આવે."

(1) ભિખારી સમગ્ર દેશમાં શા માટે પ્રખ્યાત થઈ ગયો કારણ કે. . .
(2) આ ફકરાની કઈ વાત તમને સૌથી વધારે ગમી ? શા માટે ?
(3) લોકો ભિખારીની કઈ યુક્તિથી અજાણ હતાં?
(4) ભિખારીએ પ્રથમ વખત મોટો સિક્કો પસંદ કર્યો હોત તો શું થાત?
(5) એ ભિખારી ખરેખર અંતે ભિખારી રહ્યો? શા માટે ?

જવાબ :

૧-------------------------------------------------------------------------------

૨ -------------------------------------------------------------------------------

3 ----------------------------------------------------------------------- ------------

૪-------------------------------------------------------------------------------------

૫-------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

આપેલ જાહેરાતનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

દિક્ષિત ફર્નિચરનો શો રૂમ

- અદ્યતન ફર્નિચરનો વિશાળ શોરૂમ
- ટકાઉ, મજબૂત અને આકર્ષક ફર્નિચર તદ્દન વ્યાજબી ભાવે
- જન્માષ્ટમી પર રોકડથી ખરીદી પર વિશેષ વળતર
- હોમ ડિલિવરી એકદમ ફ્રી
- આકર્ષક ડિઝાઈનમાં વિવિધ ફર્નિચર
- સ્થળ : રાજપર, ગોદી રોડ, શિવમંદિરની બાજુમાં
- વિનય શાહ: 77757577XX

(1) ખરીદારને વળતરનો લાભ કેવી રીતે પ્રાપ્ત થશે?

(2) દિક્ષિત ફર્નિચરની શી- શી વિશેષતા છે?

(3) ફર્નિચરનો આ વિશાળ શોરૂમ કયા સ્થળે આવેલ છે?

(4) નીચેનામાંથી કઈ બાબત જાહેરાત સાથે સુસંગત નથી.

A શિવમંદિર B 77757577 C દિક્ષિત D ગાંધી રોડ

(5) મોબાઈલ નંબરથી ગ્રાહકોને શી શી મદદ મળશે?

જવાબ

૧----------------------------------------------------------------------------

૨---------------------------------------------------------------------------

3 ---------------------------------------------------------------------------

૪----------------------------------------------------------------------------

૫----------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

(1) આપેલ પહોંચનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

મધ્ય ગુજરાત વીજ કંપની લી.

ગ્રાહક પ્રત

રસીદ નં. 000680 તા: 22 /11/2021 વોર્ડ સ્થળ: દાહોદ

ગ્રાહક નંબર : 040476

શ્રી સુરેશભાઈ પાસેથી રૂ. 2000/- અંકે રૂપિયા બે હજાર પૂરા રોકડેથી/ ચેકથી બિલ પેટે મળ્યા છે.

| સદર | રૂ/. | પૈસા |
|---|---|---|
| | 2000= | 00 |

એસ.પી. નાંદી
મધ્ય ગુજરાત વીજ કંપની લી.

(1) આ શાની પહોંચ છે? -

(2) આ કયા વિભાગની પહોંચ છે?

A ઉત્તર વિભાગ B દાહોદ વિભાગ C ગ્રાહક વિભાગ D વીજ વિભાગ

(3) ગ્રાહકનું નામ શું છે? -

(4) નીચેનામાંથી કઈ બાબત પહોંચ સાથે સુસંગત છે?

A નડિયાદ B 2000 C દક્ષિણ ગુજરાત D ટેલિફોન બિલ

(5) ગ્રાહકને શેના નાણાં ચૂકવ્યા બદલ આ રસીદ આપવામાં આવી છે?

જવાબ :

૧---------------------------------------------------------------------------

૨ ---------------------------------------------------------------------------

3 ---------------------------------------------------------------------------

૪---------------------------------------------------------------------------

૫---------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

5. સમયપત્રકનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો.

| ક્રમ | સમય | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર |
|---|---|---|---|---|---|---|
| 1 | 7:00 થી 7:45 | હિન્દી | વિજ્ઞાન | વિજ્ઞાન | અંગ્રેજી | ગણિત |
| 2 | 7:45 થી 8:30 | અંગ્રેજી | ગણિત | ગુજરાતી | હિન્દી | વિજ્ઞાન |
| 3 | 8:30 થી 9:15 | ગુજરાતી | ગુજરાતી | ગણિત | સા. વિજ્ઞાન | ગુજરાતી |
| | | | વિરામ | | | |
| 4 | 10:00 થી 10:45 | ગણિત | સા. વિજ્ઞાન | ગણિત | વિજ્ઞાન | સા. વિજ્ઞાન |
| 5 | 10:45 થી 11:30 | વિજ્ઞાન | શા.શિક્ષણ | સા. વિજ્ઞાન | ગુજરાતી | અંગ્રેજી |
| 6 | 11:30 થી 12:15 | સા. વિજ્ઞાન | ચિત્રકલા | પુસ્તકાલય | સંસ્કૃત | શા.શિક્ષણ |

1. કયા વારે ભાષાના ત્રણથી વધુ તાસ ભણવાના હશે?
2. વિદ્યાર્થીઓને અગ્રેજીનો તાસ કયા કયા દિવસે નથી?
3. આ સમયપત્રકમાં ભાષાના કુલ કેટલા તાસ થાય છે?
4. બુધવારે વિરામ પછી કયા વિષયનો તાસ છે?
5. આખા અઠવાડિયામાં સૌથી વધુ અને સૌથી ઓછા કયા વિષયના તાસ છે? કેટલા?

જવાબ

૧-------------------------------------------------------------------------

૨-------------------------------------------------------------------------

3 ----------------------------------------------------------------------------

૪---------------------------------------------------------------------------

૫------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

હું સડક થઇ ગયો! ગાડીમાં આખી રાત મને ઊંઘ ન આવી. સવારે પૂના પહોંચ્યો તે પહેલાં માન સાથે નિશ્ચય કર્યો કે, હરામના ધનનો લોભ કોઈ કાળે નહિ કરું, પિતાશ્રીનું નામ નહિ લજવું. પિતાશ્રીને શહેરમાં છોડી, એ નિશ્ચય સાથે જ હું કૉલેજ તરફ ગયો. કૉલેજની મારી સાચી કેળવણી મને સાંગલી અને પૂણે વચ્ચે ટ્રેનમાં જ મળી ચૂકી.

પ્રશ્નો:-

(1) હું સડક થઇ ગયો ! અહીં "સડક થઇ ગયો" એટલે ?

(ક) કડક થઇ ગયો. (ખ) ડરી ગયો (ગ) સજાગ થઇ ગયો. (ઘ) સૂઈ ગયો

(2) "ગાડીમાં આખી રાત હું જાગતો રહ્યો."- સમાન અર્થવાળું વાક્ય ફકરામાંથી શોધીને લખો.

(3) સાંગલી અને પૂના કયા રાજ્યમાં આવેલ શહેર છે ?

(4) "હરામના ધનનો લોભ કોઈ કાળે નહિ કરું."- અહીં હરામના ધનનો મતલબ શું થાય ?

(5) મહાશાળા માટે વપરાયેલ અંગ્રેજી શબ્દ ફકરામાંથી શોધીને લખો.

જવાબ

૧--------------------------------------------------------------------------

૨--------------------------------------------------------------------------

૩--------------------------------------------------------------------------

૪--------------------------------------------------------------------------

૫--------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

આ ભિખારી એક દુકાને ઊભો રહી છ પૈસાના દાળિયા જોખાવતો હતો. અચાનક મને પેલી સ્ત્રીના શબ્દો યાદ આવ્યા. અરે ! કદાચ એ દરવાજાની સાંકડી નેળમાં સડતા કુટુંબનો આ છોકરો સ્થંભ હશે! કદાચ શું ? એમ જ હશે. સામેની જ દુકાને નીચે બેસીને ધૂળમાં પોતાનું ચીથરું પાથરી તેમાં એ દાળિયા બાંધી રહ્યો હતો. તેણે એક મુઠ્ઠી તેમાંથી ભરી ; વીજળીના પ્રકાશમાં એ મુઠ્ઠીને અધ્ધર જાતિ મેં જોઈ અને એને ઝડપી લેવા આતુર મોં પહોળું થતું દેખાયું.

મારી નજરે પેલા ભિખારીના મોંને બંધ થતું નીચે આવતું જોયું. તેનું વદન કરમાઈ ગયું હતું, ને તેણે ભરેલી દાળિયાની મુઠ્ઠી એમને એમ ચીથરામાં પેસી જતી હતી ! ભૂખનું દુઃખ ગળી જઈ ચીથરું વીંટાળી તે ત્રણ દરવાજા તરફ ચાલ્યો.

પ્રશ્નો:

(1) કુટુંબનો સ્થંભ હોવું એટલે ?

(ક) કુટુંબનો આધાર હોવું (ખ) કુટુંબનો થાંભલો હોવું

(ગ) કુટુંબનો છોકરો હોવું (ઘ) કુટુંબનો હાથ હોવો.

(2) ભિખારી છોકરાનું વદન શા માટે કરમાઈ ગયું ?

(3) મુઠી ભરી દાળિયા લીધાં તો ખરા _______ ખાઈ ન શક્યો. (સંયોજકનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.)

(4) છોકરાએ પોતાની ભૂખની અવગણના કરી. - સમાન અર્થવાળું વાક્ય ફકરામાંથી શોધીને લખો.

(5) કાગળ- ડૂચો, કાપડ- _________

જવાબ :

૧--------------------------------------------------------------------------------

૨--------------------------------------------------------------------------------

3--------------------------------------------------------------------------------

૪--------------------------------------------------------------------------------

૫--------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

એ સ્ત્રી બેઠી હતી તે ખૂણામાં અંધારામાં મેં નજર ફેરવી. તેના પગ પાસે ઉઘાડે શરીરે ત્રણ છોકરા સૂતા હતા, અને તેના ખોળામાં એક નાનું બચ્ચું દયામણું મોં રાખીને, આવનાર-જનારની સામે જોયા કરતું હતું. બાઈ અશક્ત હતી ને ગરીબી તેના પર અસહ્ય જુલમ કરી રહી હતી. ઊંડા ખાડા જેવી આંખોમાંથી તેજ પરવારી રહ્યું હતું. પોતે છોકરા માટે જ જીવનદોરી લંબાવતી હોત તેમ તેના મોં પરથી દેખાતું હતું. મારો હાથ એકદમ કોટના ખિસ્સામાં પડ્યો. એ ખિસ્સાએ બે કલાક પહેલાં જ કલદાર રાણીછાપના રૂપિયા સાથે ભદ્રમાંથી શહેર તરફ મુસાફરી કરી હતી, પણ અત્યારે તે ભોંઠો પડ્યો. માત્ર ત્રણ પૈસા જ હાથે ચડ્યા ! નવ આના સિનેમાએ ને રોકડા સવા છ આના હોટલે ઉપાડી લીધાં હતા !

(1) જીવનદોરી લંબાવવી એટલે ?

(ક) ખૂબ જમવું. (ખ) લાંબુ જીવવું (ગ) દોરી વડે જીવન જીવવું (ઘ) ખૂબ ઊંઘવું

(2) દીકરો _______ હતો અને તે ______ માતા માટે ભીખ માંગી લાવતો. (સશક્ત, અશક્ત)

(3) સ્ત્રી ગરીબ છે એ શાના પરથી કહી શકાય?

(4) રાણીછાપના સિક્કાનો ઉપયોગ ક્યાં થયો ન હતો ?

(ક) સિનેમામાં (ખ) હોટેલમાં (ગ) મુસાફરી કરવામાં (ઘ) ખરીદી કરવામાં

(5) ગરીબી તેના પર અસહ્ય જુલમ કરી રહી હતી.- વિશેષણ શોધો.

જવાબ

૧-------------------------------------------------------------------------------

૨-------------------------------------------------------------------------------

3 ------------------------------------------------------------------------------

૪-------------------------------------------------------------------------------

૫-------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

બાળપણથી જ શિવાજી આઝાદીના ચાહક તો હતા જ માતા અને ગુરુનો પ્રભાવ પડતાં આ ગુણોને વધુ પોષણ મળ્યું. યુદ્ધની સર્વ પ્રકારની તાલીમ મળી, વીર યોદ્ધાઓની શૌર્યભરી વાતો, તેમજ તેમના ઉત્તમ ચરિત્ર વાંચી શિવાજીનો પરાક્રમો કરવાનો ઉત્સાહ વધ્યો. સફળતા પ્રાપ્ત કરી મહારાષ્ટ્રની પહાડી ભૂમિના સિંહ સમાન બની ગયા. રાજવંશી મિત્રો સાથે મર્દાનગીની રમતો રમે. નકલી લડાઈઓ લડીને વીરતા અને નિર્ભયતાના પાઠો ભણે. આમ તેમનું યોદ્ધા તરીકેનું ઘડતર થતું રહ્યું. સમયની સાથે સાથે તેમના મનમાં સ્વરાજનો કીડો સળવળવા લાગ્યો. 13 વર્ષની ઉંમરથી જ હિન્દ સ્વરાજ સ્થાપવાનું સ્વપ્ન આંખોમાં અંકિત થઈ ગયું હતું.

પ્રશ્નો:-

1. શિવાજીના મન પર બાળપણથી જ કોનો પ્રભાવ હતો?
2. શિવાજીને મર્દાનગીની રમતો રમવી શા માટે પસંદ હતી?
3. યોદ્ધા તરીકે શિવાજીનું જીવન ઘડતર કેવી રીતે થયું?
4. 'સ્વરાજનો કીડો સળવળવો 'એટલે શું?
5. ફકરાને યોગ્ય શીર્ષક આપો.

જવાબ

૧-----------------------------------------------------------------------------------------

૨-----------------------------------------------------------------------------------------

3 -----------------------------------------------------------------------------------------

૪-----------------------------------------------------------------------------------------

૫-----------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

રાજા રૂપસિંહ આખા નગરમાં લોકપ્રિય હતા. આજુબાજુના 50 નગરોના વિસ્તારમાં પણ રાજા રૂપસિંહ અને તેમનું શાસન વખણાતા હતા, લોકો બહુમાનથી અને લાગણીથી તેમને વખાણતા હતા. રાજા રૂપસિંહ ખૂબજ પ્રજાવત્સલ રાજા હતા લોકોનાં દુઃખદર્દ જોઈ તેમનું હૈયું પીગળી જતું. તે સદાય લોકોને મદદ કરવા તત્પર રહેતા હતા. રાત્રે વેશપલટો કરી નગરચર્યા માટે નીકળતા હતા. છૂપા વેશે લોકોના દુઃખદર્દ જાણવાનો પ્રયત્ન કરતા હતા અને તે દૂર કરવાનો પ્રયત્ન પણ કરતા હતા. લોકોને રાજા પ્રત્યે કેવી લાગણીછે તે જાણવાનો પ્રયત્ન કરતા હતા. આખો દિવસ અને રાત પ્રજાની સુખાકારી માટે જ ચિંતા કર્યા કરતા.' હું શું કરું તો મારી પ્રજા હજુ પણ વધારે સુખી થાય બસ એજ ચિંતા તેમને સતાવ્યા કરતી.'

પ્રશ્નો:-

1. રાજા રૂપસિંહ માટે આ ફકરામાં વપરાયેલા વિશેષણ શોધો
2. 'વેશપલટો કરવો' એટલે શું?
3. રાજા રૂપસિંહ વેશપલટો શા માટે કરતા હતા?
4. રાજા રૂપસિંહને પ્રજાના સુખની ચિંતા શા માટે થતી હતી?
5. આપેલ ફકરામાંથી રૂઢિપ્રયોગ શોધી તેનો અર્થ લખો.

જવાબ :

૧-------------------------------------------------------------------------------

૨-------------------------------------------------------------------------------

3 -------------------------------------------------------------------------------

૪-------------------------------------------------------------------------------

૫-------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

**4. કોષ્ટકનું વાચન કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

| નામ | ઊંચાઈ- વજન | ઘરના સભ્યો | ઘરના વાહન |
|---|---|---|---|
| રાહુલ | 3"4 , 27 kg | મમ્મી-પપ્પા એક ભાઈ , એક બહેન | બાઈક અને સ્કૂટર |
| રમેશ | 5"0 , 41 kg | દાદા-દાદી, કાકા-કાકી , મમ્મી-પપ્પા | બાઈક,ટ્રેક્ટર |
| કાવ્યા | 4"4 , 32 kg | એક મોટી અને એક નાની બહેન | સાઈકલ |
| જાનકી | 3"9 , 27 kg | મમ્મી-પપ્પા,દાદા, મોટી બહેન | સ્કૂટર, ગાડી, સાઈકલ |
| પ્રિયા | 4"5 , 39 kg | દાદા-દાદી | ગાડી |

1. કોનું શરીર મજબૂત બાંધાનું છે?
2. ઘરના સભ્યોની સંખ્યાની દ્રષ્ટિએ કઈ જોડ સમાન છે?
   અ. રમેશ - કાવ્યા  બ. પ્રિયા - રાહુલ  ક. કાવ્યા - જાનકી  ડ. રાહુલ - જાનકી
3. રાહુલ પ્રિયાથી કઇ રીતે અલગ પડે છે?
4. કોષ્ટકમાં સૌથી મોટું કુટુંબ કોનું છે?
5. જાનકીના ઘરે હવે કયું નવું વાહન આવી શકે?

[redacted]

જવાબ

૧-------------------------------------------------------------------------------

૨-------------------------------------------------------------------------------

3-------------------------------------------------------------------------------

૪-------------------------------------------------------------------------------

૫-------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

કૃષ્ણકુમારસિંહજી પ્રજાકલ્યાણની ભાવનાવાળા રાજવી હતા. 'મારી પ્રજા સુખી રહો' તેવું સૂત્ર તેમણે અપનાવ્યું હતું. ખેતીને મદદરૂપ થવા તેમણે 1934માં ખેડૂતોનું દેવું માફ કર્યું હતું. એટલું જ નહીં તેમના પરનું શાહુકારોનું લેણું પણ રાજ્યે ભરી દીધું હતું. વધારામાં ગ્રામ સુધારણા ફંડ ઊભું કર્યું હતું. ખેડૂતોનાં બાળકોને અભ્યાસ માટે સ્કોલરશીપ અપાતી હતી. ખેતીમાં યંત્રનો ઉપયોગ તેમણે શરૂ કરાવ્યો હતો. કામદાર પરિવાર સાથેની મુલાકાત વખતે મીઠું પકવવા દરિયાકાંઠે જમીન માટે માંગણી કરવામાં આવી. તેમને મહારાજાએ ઉદારતાથી કહ્યું કે ભાવનગર રાજ્યનો દરિયાકિનારો ખુલ્લો પડ્યો છે. જોઈએ તેટલી જમીન માગી લો, રાજ્ય તે ઉદ્યોગ માટે રાહતભાવે આપશે. ઉદ્યોગકારો ઈચ્છે ત્યાં સુધી તેનો ઉપયોગ કરે. આવા પ્રોત્સાહનથી ભાવનગરમાં મીઠાના ઉદ્યોગનો વિકાસ થયો.

પ્રશ્નો:-

1. મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ખેડૂતોનું દેવું શા માટે માફ કર્યું ?
2. મીઠાના ઉદ્યોગને પ્રોત્સાહન આપવા મહારાજાએ શું કર્યું ?
3. ખેતીમાં ઉપયોગી યંત્રોના નામ લખો.
4. આ ફકરામાં દરિયાકિનારાના કયા ઉદ્યોગની વાત કરવામાં આવી છે?
5. ફકરામાં વપરાયેલ અંગ્રેજી શબ્દ લખો.

જવાબ :

૧-----------------------------------------------------------------------------------------

૨-----------------------------------------------------------------------------------------

૩-----------------------------------------------------------------------------------------

૪-----------------------------------------------------------------------------------------

૫-----------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

ચિત્રના આધારે પ્રશ્નોના ઉત્તર લખો.



1. આ ચિત્ર કયા સ્થળનું છે ?
2. આ ચિત્ર જોઈને તમને કયો સમય હોય એવું લાગે છે ?
3. ચિત્રમાં કયા વ્યવસાય સાથે સંકળાયેલા લોકો નજરે પડે છે ?
4. બાળકો કયા વૃક્ષ નીચે રમી રહ્યાં છે ?
5. સ્ત્રીઓને કૂવામાંથી પાણી શા માટે ભરવું પડતું હશે ?



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

કિતુર કર્ણાટકનું બેલગાંવ અને ધારવાડની વચ્ચે વસેલું એક નાનું એવું રાજ્ય હતું પરંતુ દક્ષિણ ભારત સર કરવામાં આ નાનકડું રાજ્ય કંપની સરકારને અવરોધરૂપ લાગતું હતું. કિતુર ભલે નાનું રાજ્ય હતું પરંતુ તેની તાકાત કોઈ મોટા રાજ્ય કરતાં ઓછી ન હતી.  આર્થિક રીતે આ રાજ્ય સમૃદ્ધ હતું. શિક્ષણ અને સંસ્કૃતિની દ્રષ્ટિએ પણ તેનું આગવું સ્થાન હતું. ત્યાંની જનતામાં દેશદાઝ ઠાંસી ઠાંસીને ભરેલી હતી. આ કારણસર જ કંપની સરકાર કિતુર પર પગદંડો જમાવતાં ખચકાતી હતી, નહિતર અત્યાર સુધીમાં એણે બે વાર મરાઠાઓને પરાજય આપેલો. ટીપુ સુલતાનને પણ સંધિ કરવાની ફરજ પડેલી. પરંતુ કિતુર તરફ આગળ વધવાની એની હિંમત ચાલતી નહોતી.

પ્રશ્નો:-

1. કિતુર રાજ્ય ભારતની કઈ દિશાએ આવેલું છે?
2. કિતુર રાજ્ય સમૃદ્ધ હતું- એવું શા પરથી કહી શકાય ?
3. 'સંધિ કરવી 'એટલે શું ?
4. અંગ્રેજ સરકાર માટે આ ફકરામાં કયો શબ્દ વપરાયો છે ?
5. દેશદાઝ એટલે શું ?

   (A) દેશ ઉપર દાઝ     (B) દેશ પ્રત્યે પ્રબળ લાગણી

   (C) દેશથી દાઝવું તે     (D) દેશના ખાલી વખાણ કરવા

જવાબ:

૧-------------------------------------------------------------------------------------

૨-------------------------------------------------------------------------------------------

3-------------------------------------------------------------------------------------

૪----------------------------------------------------------------------------------------

૫----------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ     (9099809740)          dipakgohil1986@gamail.com

સાવરકુંડલા ડેપો
અમરેલી ડિવિઝન
નં. 054824 તારીખ : 20/3/2022
સમય : 14:39:10
મુસાફરી : સાવરકુંડલાથી અમદાવાદ
કુલ અંતર : 303 કિમી
મુસાફરની સંખ્યા : 2
ટિકિટની રકમ : 176
કુલ રૂપિયા : 352

1. આ ટિકિટમાં ક્યાં સુધીની મુસાફરી થઈ હશે?
2. આ મુસાફરી કઈ તારીખે થઈ હશે?
3. આ ટિકિટમાં કેટલા મુસાફરોએ મુસાફરી કરી હશે?
4. મુસાફરી કયા સમયે શરૂ થઈ હશે?
5. મુસાફરી દરમિયાન કેટલા કિલોમીટરની મુસાફરી કરી હશે?
6. આ બસ કયા બસસ્ટૅન્ડ પરથી ઊપડી હશે?
7. આ ટિકિટની કુલ કિંમત કેટલી છે?


દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

અમારાં નાનીમાનું નામ શાંતાબહેનઃ ઉજળો વાન, પાતળો બાંધો, નહિ બહુ ઊંચાં, નહિ બહુ નીચાં, સપ્રમાણ શરીર, વાત્સલ્ય ટપકાવતી આંખો. બોલમાં મીઠાશ જ નહિ, અનુભવનું નવનીતેય નીતરે. અમને જીવનના પાઠ ભણાવવામાં એય ભાગીદાર. ભણ્યાં નહોતાં. એ કાળે તો છોકરીઓને ભણાવવામાં માનતું જ કોણ હતું? પણ ગણતર જબરું! ધાર્મિક સંસ્કાર પણ ખરા. એમના પિયરના ગામ લવારપુરમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રભાવ. શાન્તાબામાં સાહજિકપણે એ બધું ઊતરી આવેલું. પણ એમનો ધર્મ જરાય બોલકો નહિ. દેખાડો તો મુદલ ન મળે. કર્મકાંડ પણ એમના દ્વારા કર્મયોગમાં પરિણમે!

પ્રશ્નો :

1. નાનીમા કોને કહેવાય?
2. શાંતાબાના વ્યક્તિત્વનું ટૂંકમાં વર્ણન કરો.
3. આ ફકરામાં માખણ શબ્દ માટે કયો શબ્દ આપવામાં આવ્યો છે?
4. શાંતાબા એક ધાર્મિક વ્યક્તિ તરીકે કેવાં હતાં?
5. કર્મ શબ્દથી શરૂ થતાં બીજા પાંચ શબ્દો લખો.

જવાબ :

૧------------------------------------------------------------------------------

૨------------------------------------------------------------------------------

૩------------------------------------------------------------------------------

૪------------------------------------------------------------------------------

૫------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

તે વખતે હું અગિયારેક વર્ષનો હોઈશ. રસ્તા પર ચાલતા ફકીર બાબાએ મને તેડી લીધો. મારી આંખમાં આંખ મિલાવીને એ બે ઘડી જોઈ રહ્યા. પછી ફકીર બાબાએ મને કહ્યું, 'બચ્ચા એક વાત તું હંમેશા યાદ રાખજે જ્યારે તું કંઈપણ કરે, બોલે, વિચારે ત્યારે તારા દિલને એક સવાલ પૂછજે, કે મારી માને આ ગમશે કે નહીં ? એટલું કહીને ફકીર બાબા ચાલ્યા ગયા. એ પછી મેં એમને કદી જોયા નથી પણ તેમની શિખામણ મારા દિલમાં જળવાઈ ગઈ છે. ત્યારથી મને એકજ ટેવ પડી ગઈ છે કે કંઈપણ હું કરું, બોલું અથવા વિચારું ત્યારે મારી આંખ સામે સવાલ ખડો થઈ જાય છે, કે મારી માને આ ગમશે કે નહીં? આ શીખ મળવાથી હું ઘણા દોષમાંથી બચી ગયો છું. માને હંમેશાં નજર સામે રાખવાની મને ટેવ પડી છે, તેથી કંઈપણ અનિષ્ટ વિચારતાં, કરતાં કે બોલતાં, મને સંકોચ થઈ આવે છે અને એ વિચાર, કુવચન કે કુકર્મના દોષમાંથી હું બચી જાઉં છું.

પ્રશ્નો:-

1. ફકીર બાબાએ બાળકને શી શિખામણ આપી?
2. 'મેં મારા મમ્મી સાથે આંખમાં આખ પરોવીને વાત કરી'- રૂઢિપ્રયોગનો અર્થ આપો.
3. માને નજર સમક્ષ રાખવાની ટેવથી બાળકને શો ફાયદો થયો?
4. બાળકને સંકોચ કયારે થઈ આવતો ?
5. 'શિખામણ' શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

જવાબ :

૧ ---------------------------------------------------------------------------------

૨ -------------------------------------------------------------------------------------

3 --------------------------------------------------------------------------------------

૪ ---------------------------------------------------------------------------------------

૫ ---------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

**2. વાર્તા મોટેથી વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.**

મંકોડો કહે, ''ફળફૂલ કાંઈ પંખીડાંનાં એકલાંનાં જ છે? આપણાં પણ છે.'' મંકોડી કહે, ''સાચી વાત! આપણા મંકોડાંનેય રસ ભાવે જ છે.'' ''ચાલો છોકરાં, મારી પાછળ.'' કહેતાં મંકોડો તો ચડ્યો આમલીની ડાળે. તે દિવસે મંકોડું ત્રણ, મંકોડું બાર અને મંકોડું બાવીસે પેટ ફાટી જાય એટલો રસ પીધો. અને બાકીનાં મંકોડાં? એ બિચારાં આમલી ખાવા આવેલા છોકરાના પગ તળે...

1. આમલીની ડાળે સૌથી પહેલાં કોણ ચઢ્યું ?
2. પરિવારના સભ્યોનાં નામ લખો :
   મંકોડાં : __________, મંકોડી, મંકોડું
   __________, : છોકરો, __________, છોકરું
3. ઓળખ લખો : બિચારો મંકોડો
   બિચારી __________, __________, મંકોડું, બિચારાં __________
   __________, __________, __________ છોકરી, તોફાની __________
4. ખોટો વિકલ્પ છેકો : મંકોડો બોલી બોલ્યો, ''ચાલો મારી પાછળ.'' બધાં મંકોડાં આમલીએ ચઢ્યો/ચઢ્યા/ચઢ્યાં.

<u>જવાબ :</u>

૧ -----------------------------------------------------------------------------------

૨ -----------------------------------------------------------------------------------

3 -----------------------------------------------------------------------------------

૪ -----------------------------------------------------------------------------------

૫ -----------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

સમયપત્રકના આધારે પ્રશ્નોના ઉત્તર લખો.

| બસ | આવવાનો સમય | ઊપડવાનો સમય |
|---|---|---|
| કડી - વડોદરા | 7:45 am | 7:50 am |
| અમદાવાદ - ખંભાત | 9:31 am | 9:35 am |
| ડીસા- આણંદ | 10:20 am | 10:27 am |
| અમદાવાદ - ધર્મજ | 10:25 am | 10:35 am |
| અમદાવાદ - આણંદ | 11:05 am | 11:08 am |
| અંબાજી - પેટલાદ | 11:32 am | 11:36 am |

1. કઈ બસ સૌથી વધુ સમય માટે સ્ટેશન પર રોકાય છે?

   ______________________________

2. કઈ કઈ બસ સ્ટેશન પર 4 મિનિટ રોકાય છે?

   ______________________________

3. કઈ બસ સૌથી ઓછો સમય સ્ટેશન પર રોકાય છે ?

   ______________________________

4. સૌથી છેલ્લે ઊપડતી બસ કઈ છે ?

   ______________________________

5. 10:00 am અને 11:00 am વાગ્યાની વચ્ચે કઈ કઈ બસ સ્ટેશન પર આવે છે ?

   ______________________________



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com

ભારતના વિષુવવૃત્તીય વર્ષાવનનું બીજું જાણીતું પ્રાણી હાથી છે. હાથી એ ઘણી જ નોંધપાત્ર રીતે વર્ષાવનમાં અનુકૂલન મેળવે છે. તેની સૂંઢને જુઓ. તે તેનો નાક તરીકે ઉપયોગ કરે છે, જે ગંધ પ્રત્યે અતિ સંવેદનશીલ છે. ખોરાકને પકડવા માટે પણ સૂંઢનો ઉપયોગ થાય છે. વળી, હાથીના રૂપાંતરિત દાંત વૃક્ષની છાલ જે તેનો પ્રિય ખોરાક છે તેને ઉખાડવામાં ઉપયોગી છે. આમ, હાથી ખોરાક માટેની હરીફાઈને સહેલાઈથી સંભાળી શકે છે. હાથીના મોટા કાન તેને અત્યંત મૃદુ અવાજ સાંભળવામાં મદદરૂપ છે.

પ્રશ્નો :

1. આ ફકરામાં કયા પ્રદેશની વાત છે?
2. હાથીના દાંતને 'રૂપાંતરિત દાંત' કેમ કહ્યા છે?
3. આ હાથી માટે સૂંઢનો ઉપયોગ શો છે?
4. આ હાથીનો પ્રિય ખોરાક કયો છે?
5. અનુકૂલન મેળવવું એટલે શું?

જવાબ :

૧---------------------------------------------------------------------------------------

૨---------------------------------------------------------------------------------------

૩---------------------------------------------------------------------------------------

૪---------------------------------------------------------------------------------------

૫ ---------------------------------------------------------------------------------------



દિપકસિંહ જે.ગોહિલ (9099809740) dipakgohil1986@gamail.com